# કૃષિ મહાવિદ્યાલય -વ- કૃષિ પોલિટેકનીક, વસો દ્વારા એકદિવસીય સ્વચ્છતા કેમ્પનું આયોજન

કૃષિ મહાવિદ્યાલય -વ- કૃષિ પોલિટેકનીક, આ.કૃ.યુ.,વસોના રાષ્ટ્રીય સેવા યોજના દ્વારાવસો અને પીજ ગામ ખાતે એકદિવસીય "સ્વચ્છતા કેમ્પ"નું આયોજન તા.૩૦/૦૭/૨૦૨૨ને શનિવારના રોજ કરવામાં આવ્યું હતું. આ "સ્વચ્છતા કેમ્પ"માં સવારના સમયે એન.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા વસો અને પીજ ગામના મંદિરોની આજુબાજુ રહેલ પ્લાસ્ટીક તેમજ કચરાની સાફસફાઈ કરવામાં આવી હતી. અને બપોરના સમયે વસો કેમ્પસના રસ્તાઓ, હોસ્ટેલ્સ અને કોલેજની આજુબાજુના પરીસરની સફાઈ કરી હતી. આ કાર્યક્રમમાં કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય અને યુનિટ વડાશ્રી ડૉ. વી. પી. રામાણીએ હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ કેમ્પનું આયોજન કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય અને યુનિટ વડાશ્રી ડૉ. વી. પી. રામાણીના માર્ગદર્શન હેઠળ કૃષિ મહાવિદ્યાલય-વ- કૃષિ પોલિટેકનીકના એન.એસ.એસ. પ્રોગ્રામ અધિકારી પુષ્પા એસ. પરમાર અને શ્રી સહદેવ લુહાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## "એકદિવસીય સ્વચ્છતા કેમ્પ"ના ફોટોગ્રાફ













